# એક ઈંચનું કુરાન અને આશરે બે ઈંચની ગીતા

## મેઘરજના વણિક વેપારી પાસે ઐતિહાસિક જૂની પુરાણી ચિજવસ્તુઓનો ખજાનો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે રહેતા શેઠ કિરીટભાઈ જેઠાલાલ (જ્યોતીષ)ને પહેલેથી જ જુની પુરાણી ઐતિહાસિક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાના શોખ સાથે સાથે પોતે વણિક હોવા છતાં તેમને જ્યોતિષશાસ્ત્રનો એટલો બહોળો અનુભવ છે કે આજે પણ તેમની આ નિપુણતાનો લાભ આસ્થા ધરાવતા જનમાનસોમાં આગવું સ્થાન છે.

મેઘરજ ખાતે રહેતા અને મેઘરજમાં સિમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા શેઠ કિરીટભાઈ જેઠાભાઈ જુની પુરાણી ઐતિહાસિક ચીજવસ્તુઓનો ખજાનો ધરાવે છે. નાનપણથી જ વિશેષ શોખ ધરાવતા આ વેપારી પાસે મોગલ સમય કાળના ઉર્દુ લીપીના લખાણવાળા ચાંદીના સીક્કાથી માંડી, પુરાણી ભારતીય ચલણી નોટો, સિક્કા, જાપાનમાં બનેલો આશરે ૧૦૦ વર્ષ જુનો કેમેરો, અજગરના ચર્મનો અતિ પ્રાચીન પટ્ટો, એક ઈંચનું કુરાન, બે ઈંચની ગીતા, પૌરાણિક કડલા, ઘડિયાળ, જાપનનો જુનો પંખો, દરિયાઈ કાડીઓ, એક મુકી રૂદ્રાસ, રૂદ્રાસમાં શીવલીંગ ઉપરાંત અનેક વિવિધ ઐતિહાસિક પુરાણી ચીજવસ્તુઓના સંગ્રહ સાથે હજુ પણ પૌરાણિક ચીજવસ્તુઓની સતત શોધ ચલાવતા રહે છે.

કિરીટભાઈ શેઠના જણાવ્યા અનુસાર આઝાદી સમયે ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે ભારત આવેલા એક મુસ્લીમ વ્યક્તિ કે જે બ્રિટીશ સલ્તનત સમયે બ્રિટીશ સલ્તનતમાં સિપાહી તરીકે ફરજ બજાવતા હતા અને આઝાદી મેળવવા ગાંધીજીના વિચારોથી પ્રેરિત ગાંધીજીની નિકટ રહેવા ગુજરાત આવી ગયા હતા. આ મુસ્લિમ વ્યક્તિ સાથે કરીટભાઈ નાનપણથી બેઠક હોય આઝાદીની ચળવળની વાતો આ વ્યક્તિના મોઢે સાંભળતા હતા. આ વ્યક્તિના અંતિમ ક્ષણોમાં બે દિવસ પહેલા તેમની પાસે સંઘરી રાખેલા ગાંધીજીના ચશ્મા કિરીટભાઈને સંઘરી રાખવાની સલાહ સાથે સાચવવા આપ્યા હતા. ત્યારથી કિરીટભાઈને જુની પુરાણી ઐતિહાસિક ચિજવસ્તુઓનો સંગ્રહ કરવાનો શોખ જાગેલો જે આજે પણ યથાવત છે.



મેઘરજના વલ્લભવાળા ફળિયામાં રહેતા કિરીટભાઈ વ્યવસાયની સાથે જ્યોતીષશાસ્ત્રમાં પણ નિપુણતા ધરાવતા હોવાથી અસંખ્ય લોકો તેમની પાસે જ્યોતિષશાસ્ત્રનો લાભ લેતા હોય છે. અને વિનામૂલ્યે સેવા આપે છે. જો કોઈ વ્યક્તિ આગ્રહ કરે ચાર્જ આપવાનો તો તે રૂપિયા દાનપેટીમાં નંખાવે છે અને ભેગા થયેલા રૂપિયાથી વર્ષે દહાડે ગરીબ બાળકોના અભ્યાસ માટે જરૂરી મદદ કરી સમાજના લોકોને જરૂરી રાહ ચીંધે છે. મેઘરજ પંથકમાં કિરીટભાઈ દ્વારા કરાતી સેવાકીય પ્રવૃત્તિની પ્રજાજનો સરાહના કરે છે.

# ગંદકીમાં ગરકાવ ડીસાના રાજપુર ખાતે પાંચ વર્ષની બાળાને ડેન્ગ્યુ

ડીસા, તા. ૨૯

ડીસા શહેરમાં ગંદકીની સમસ્યાને ઉકેલવા માટે નગરપાલીકા અને આરોગ્ય વિભાગ સદંતર નિષ્ફળ નિવડ્યું છે. તેમાંય શહેરમાં વોર્ડ-૧૧માં આવેલા

**રાજપુર વિસ્તારમાં ગંદકીની સમસ્યાનો ઉકેલ લાવવામાં તંત્ર સદંતર નિષ્ફળ નિવડ્યું છે : ભૂતકાળમાં ડેન્ગ્યુનો કારણે અઠવાડીયામાં ત્રણ બાળકોના મોત થયા હતા**

રાજપુર વિસ્તારની ગંદકીનો વર્ષોથી કોઈ ઉકેલ આવ્યો નથી. રાજપુર લોધવાસ, ગવાડી સહિતના વિસ્તારમાં દર ચોમાસા બાદ રોગચાળો ફાટી નિકળે છે. ડેન્ગ્યુને કારણે ભૂતકાળમાં એક જ અઠવાડીયામાં ત્રણ બાળકોના મોત થયાની ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. લોધવાસની નજીકમાં જ કસાઈઓ, ભંગારીઓ દ્વારા આડેધડ કચરો ફેકવામાં આવે છે.



આ ગંદકીનો ઉકેલ લાવવામાં સત્તાધીશો દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ વર્ષે પણ લોધવાસની એક બાળકીને ડેન્ગ્યુની અસર સર્જાતા રહિશોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ડીસા શહેરના રાજપુર લોધાવાસની નજીક ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું છે. નજીકમાં જ કસાઈઓ, ભંગારીઓ તેમજ આ વિસ્તારના રહિશો અને ક્યારેક નગરપાલિકાના વાહનો દ્વારા પણ કચારાના ઢગ કરવામાં આવે છે તેમાંય કસાઈઓ કટીંગ કરાયેલા પશુઓના હાડકા, ચામડુ વગેરે ખુલ્લામાંજ ફેકી દે છે. જેના કારણે જાહેર માર્ગ અને લોધવાસમાં બદબુ પ્રસરેલી રહેલી છે તેમજ ઝેરી મચ્છરોનો પણ ભયંકર ઉપદ્રવ સર્જાયો છે. દર ચોમાસાના અંતે અહી ડેન્ગ્યુ, મેલેરીયા, સ્વાઈન ફ્લૂ, ટાઈફોડ જેવા રોગો માથુ ઉંચકે છે. બે વર્ષ પહેલા ડેન્ગ્યુને કારણે અઠવાડીયામાં ત્રણ બાળકોના કરૂણ મોત થયા હતા. જો કે આવી ભયંકર પરિસ્થિતિ વચ્ચે પણ તંત્ર દ્વારા સફાઈ કે દવાના છંટકાવમાં સતત આંખ આડા કાન થતા રહે છે. ત્યારે આ વખતે પણ લોધા પરીવારની પાંચ વર્ષથી માસુમ બાળા અનોખી અરવિંદભાઈ લોધાને બે ત્રણ દિવસથી તાવ આવતા તેનો લોહીનો રીપોર્ટ કરાવવામાં આવતા ડેન્ગ્યુના લક્ષણો જણાયા હતા. બાળકી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. બીજી તરફ બાળકીને ડેન્ગ્યુના લક્ષણો જણાતા સ્થાનીક રહિશોની પણ ચિંતા વધી ગઈ છે કેમ કે ઘણા લોકોને દિવસોથી તાવ આવી રહ્યો છે વારંવાર દવા લેવા છતાં તાવ ઉતરતો નથી એટલે અન્ય દર્દીઓને પણ ડેન્ગ્યુ હોવાની શક્યતા જોવા મળી રહી છે. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાં વહેલી તકે દવા છંટકાવ, સફાઈ જેવી કામગીરી હાથ ધરવામાં આવે તેવી આ વિસ્તારના રહિશોની માંગણી છે.

# પીલુદ્રાની પરિણીતાએ બે પુત્રો સાથે અગ્નિ સ્નાન કરતા ચકચાર

## સાસરી પક્ષો દ્વારા માનસિક ત્રાસ આપતા પગલું ભર્યું

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા રામપુરા ગામે બે પુત્રોની માતાએ અગમ્ય કારણોસર બે પુત્રો સાથે શરીરે કેરોસીન છાંટી અગ્નિ સ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના પીલુદ્રા પાસે આવેલ રામપુરા ખાતે હાથરોલના વજાપુર ગામની દિકરી દશ વર્ષ અગાઉ રામપુરા ખાતે વિનોદસિંહ જગતસિંહ રાઠોડ સાથે પરણાવી હતી. જ્યાં તેના પતિ તેમજ સાસુ સસરા દ્વારા અવારનવાર તકરાર તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જેથી હિનાબેને જીવનથી કંટાળીને બે પુત્રો સાથે શરીરે કેરોસીન છાંટી શરીરે આગ ચાંપી મોતને વહાલું કર્યું હતું. જ્યારે ઘરમાંથી અગ્નિની જ્વાળાઓ



દેખાતા ગામજનો સ્થળ ઉપર દોડી આવ્યા હતા. પરંતુ તે પહેલા માતા ને બન્ને પુત્રો બળીને ભડથુ થઈ ગયા હતા. જેની જાણ હિનાબેનના પિયર પક્ષે જાણ કરતા તેમના પિતા જાલમસિંહ માનસિંહ સોલંકી તથા તેના કુટુંબીજનોને થતાં તેવો રામપુરા મુકામે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ બાબતની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનને વિનોદસિંહ જગતસિંહ રાઠોડ (પતિ) જગતસિંહ કચરાસિંહ રાઠોડ (સસરા), શારદાબેન જગતસિંહ રાઠોડ (સાસુ) વિરૂદ્ધ ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધી જિલ્લા નાયબ અધિક્ષક શ્રી વાસ્તવે તપાસ હાથ ધરી હતી અને મૃતક માતા તથા બે પુત્રોને પીએમ માટે પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપ્યા હતા. જેમાં મૃતક હિનાબેનની ઉંમર ૨૫ વર્ષ જ્યારે પુત્ર ઈન્દ્રજીત ઉ.વ. ૫ તેમજ બીજો પુત્ર કિરણસિંહ ઉ.વ. ૨ હોવાનું જાણવા મળેલ છે.

# પાટીદારની કુળદેવી ઉમિયા માતાજીના દર્શનાર્થે હાર્દિક પટેલ

ઊંઝા, તા. ૨૯

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ આજે બપોરે ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીના દર્શનાર્થે આવી પહોંચતા ધાર્મિક સંસ્થાનની સ્વાગત અને સરભરા સમિતિના હોદેદારો સભ્યો દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. હાર્દિક પટેલે ઉમિયા માતાજીના ધામમાં મા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ સમયે મંદિરના પુજારીએ પાવડી પૂજા કરાવી હતી. હાર્દિક મંદિર પરિસરમાં આવી પહોંચતા સ્થાનિક પાટીદાર સમાજના યુવાનો સહિતના લોકોએ જય સરદાર, જય પાટીદારના નારા લગાવ્યા હતા. મા ઉમિયાના ધામમાં હાર્દિક માતાજીના દર્શન કરી આંદોલનને સફળ બનાવવા તેમજ સરકારને સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરી હતી. ઊંઝા એસ.પી.જી. ગ્રુપના પ્રમુખ ભવલેશ પટેલ અને કેવલેશ્વર યુવક મંડળના પ્રમુખ અશ્વિન પટેલને નામદાર અદાલતમાંથી જામીન મળતાં તેઓને શુભેચ્છા પાઠવી હતી.

દરમિયાન હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન મજબુત રીતે ચાલી રહ્યું છે. હવે દરેક સંસ્થાઓનો સહયોગ મળ્યો છે. એટલે વડીલોના આશીર્વાદ અને સહકારથી આંદોલન સફળ થશે. તેમણે કહ્યું કે, આગામી તા. ૧લી ઓક્ટોબરના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ ખાતે વિશાળ શ્રદ્ધાંજલિ સભા અને ચોથી ઓક્ટોબરે સાબરકાંઠામાં પાટીદાર મહાસભા યોજવાનું આયોજન છે. સુરત અને સૌરાષ્ટ્રમાં પાટીદાર મહિલાઓની વિશાળ સભા પણ યોજવાનું નક્કી કરાયેલ છે. આ ઉપરાંત આગામી સમયમાં અમદાવાદ ખાતે ક્રાંતિ રેલી જેવા કાર્યક્રમો થકી સરકાર પર દબાણ લાવવામાં આવશે.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ડુગરવાડા ગામના પંચદેવ મહાદેવ મંદિરે શિવ સાનિધ્યે સોમવારે શિવલીંગ પર ત્રણ કલાક સુધી નાગદેવતાએ સાક્ષાત નાગદેવતા છત્ર બનીને ડોલતા નિહાળવા મંદિરે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. વિઘ્નહર્તા ગણપતિ મહોત્સવની પૂર્ણાહૂતિના બીજા દિવસે ડુગરવાડા ગામે આવેલા પંચદેવ સ્થાનિકે શિવજીના મંદિરમાં શિવલીંગ પર એકાએક નાગદેવતા સાક્ષાત સ્વરૂપે વીંટળાઈ ગયેલા જોવા મળતાં આ ઘટનાની જાણ ડુગરવાડા ગામમાં અને પંથકમાં ફેલાતા શ્રદ્ધાળુઓના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. ડુગરવાડાના જીવદયા પ્રેમી અને સર્પને પકડતા જયેશ ભટ્ટના જણાવ્યા અનુસાર નાગદેવતા મંદિરે આવવાની ઘટનાની જાણ થતાં મંદિરે પહોંચી નાગને પકડીને સલામત રીતે નજીકના જંગલમાં છોડી મુક્યો હતો.

## આજે અંબાજી મંદિરની પ્રક્ષાલન વિધિ હોવાથી બપોર પછી મંદિર બંધ રહેશે

પાલનપુર, તા. ૨૯

વહીવટદારશ્રી અંબાજી માતા મંદિર, અંબાજીની યાદીમાં જણાવ્યા પ્રમાણે તા. ૩૦-૯-૨૦૧૫ ભાદરવા વદ-૩ (ત્રીજ) બુધવારના રોજ પ્રક્ષાચલ વિધિ હોઈ અંબાજી મંદિર દર્શન માટે બપોરે ૧૨.૩૦ વાગ્યાથી બંધ રહેશે. સાંજની આરતી રાત્રે આશરે ૯ કલાકે થશે. ૧-૧૦-૨૦૧૫થી રાબેતા મુજબ મંદિર ખુલ્લુ રહેશે.

## શેઠ એચ.પી. આર્ટસ-કોમર્સ કોલેજ તલોદનો યુવક મહોત્સવમાં ઝળહળતો વિજય

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે ૨૭મા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોએ વિવિધ ઈવેન્ટસમાં ભાગ લીધો હતો. જેમાં સમુહ નૃત્ય "સાંચી રે સાંચી..'માં પ્રથમ નંબર તો માઈમ 'રામ રાખે તેને કોણ ચાખે..' પ્રથમ નંબર તો સ્કીટ 'ઘેટા.. ઘેટા.. ઘેટા..'માં ત્રીજો નંબર મેળવીને કોલેજને ગોરવાન્વિત કરી છે.

યુનિ.માં દબદબાભર્યો વિજય હાંસલ કરનાર તલોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓને તેમજ સાંસ્કૃતિક કમિટીને કોલેજના પ્રિ. ડૉ. જે.સી. પટેલ સાહેબે સંસ્થાવતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવી તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. તેમજ મળેલ શિલ્ડ (૩)નો સહર્ષસ્વીકાર કર્યોહતો. 'સમૂહ નૃત્ય'માં વિજેતા થનાર ટીમમાં સપના ઝાલા, મનીષા ઝાલા, બિંદિયા ગોસ્વામી, પ્રિયા પટેલ, સોનલ ઝાલા, રાઠોડ અજયસિંહ, સુનિલકુમાર ડાભી, જિતેન્દ્રસિંહ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, લક્ષ્ણસિંહ ડોડીયા વિજયી થયા હતા. 'માઈમ'માં ભાગ લેનાર ધર્મેન્દ્રસિંહ ઝાલા, અક્ષયસિંહ ઝાલા, ગણેશસિંહ સોલંકી, અર્જુનસિંહ સોલંકી, સંજયસિંહ મકવાણા, વિપુલ પરમાર વિજયી થયા હતા. 'સ્કીટ'માં ભાગ લેનાર અશ્વિનસિંહ ઝાલા, નિકુલ સોલંકી, ધર્મેન્દ્રસિંહ ઝાલા, અક્ષયસિંહ ઝાલા, હરિશકુમાર ઝાલા, દિલાવરસિંહ ઝાલા વિજય થયા હતા.



## ઈટાડી ગામે ભાદરવી પૂનમે આરાસુર માતાના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપૂર

મોડાસા તાલુકાના ઈટાડી ગામે આવેલ આદ્યશક્તિ મા આરાસુર મંદિર જે મીની અંબાજી તરીકે જાણીતુ છે ત્યાં સોમવારે ભાદરવી પૂનમનો મેળો ભરાયો હતો. ભાદરવી પૂનમે અહીં દૂર દૂરથી માઈ ભક્તો પગપાળા દર્શને આવી મા અંબેની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતુ અને દિવસ દરમ્યાન અવિરતપણે હજારો ભક્તો બોલ માડી અંબે જય જય અંબેના નાદ સાથે આવી રહ્યા હતા.

## ડીસામાં મેગા પોટેટો સમિટ યોજાઈ

ડીસા, તા. ૨૯

ડીસામાં આજે ખેતી માર્ગદર્શન માટે કૃષિ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેતી બાબતે ખેડૂતોને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડીસામાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તેમજ ડીસા કોલ્ડ સ્ટોરેજ એસોસીશન સહિતની સંસ્થાઓ દ્વારા બટાટા સંશોધન કેન્દ્ર ખાતે મેગા પોટેટો સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞ કૃષિ વૈજ્ઞાનિકો ખાસ હાજર રહ્યા હતા. અને કૃષિ ઉત્પાદનમાં મુલ્ય વૃદ્ધિ કરી વધુ આવક મેળવી શકે તે માટેના કૃષિ વિષયજ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૈલાસબેન શાહ અને માવજીભાઈ દેસાઈ સહિતના અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

# મેઘરજના જૂના બસસ્ટેન્ડ પાસેના બંધ શૌચાલયથી મુસાફરો પરેશાન

ઈસરી, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં જૂના બસસ્ટેન્ડ નજીક મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા મહિલાઓ માટે એક શૌચાલય બનાવેલ છે. પરંતુ શોભાના ગાઠીયા સમાન આ શૌચાલયને ખંભાતી તાળુ લટકાવી દેવાતા તાલુકાની અને મેઘરજ નગરમાં વેપાર અને દુકાન ચલાવતી મહિલાઓ માટે તાતી જરૂરીયાત એવા શૌચાલય હોવા છતાં નકામુ બની રહેલા મહિલાઓ પરેશાન બની છે. પુરૂષો માટે બનાવેલ શૌચાલયમાં ગંદકીના ઢગ ખડકાયેલા હોવાથી તે પણ નકામુ બની રહેતા મેઘરજ નગરમાં ખરીદી કરવા આવતા પ્રજાજનો નગર પંચાયતના અંધેર વહીવટથી તોબા પોકારી ઉઠ્યા છે.

અરવલ્લી જિલ્લામાં મેઘરજ એ તાલુકા મુખ્ય મથક છે. મેઘરજ તાલુકામાં ૧૨૮ ગામડાઓ આવેલા છે. મેઘરજ તાલુકામાં સમાવિષ્ટ ગામડાઓના પ્રજાજનો તાલુકાકક્ષાની



કામગીરી જેવી કે મામલતદાર કચેરી, વિદ્યુતબોર્ડ કે સારવાર અર્થે તેમજ હાઈસ્કૂલ, કોલેજ અને આઈટીઆઈમાં અભ્યાસ કરવા દરરોજ અસંખ્ય મહિલાઓની અવર જવર રહે છે. પરંતુ મહિલાઓ માટે શૌચાલયને લાગેલા ખંભાતી તાળાથી મહિલાઓને મોટી સમસ્યા સર્જાય છે. જેથી મેઘરજ નગર પંચાયત દ્વારા તાબડતોડ મેઘરજ જુના બસસ્ટેન્ડ વિસ્તારમાં બનાવવામાં આવેલા શૌચાલયને મારેલા ખંભાતી તાળા ખોલી યોગ્ય કાર્યવાહિ કરી મહિલાઓ ઉપયોગમાં લઈ શકે તે માટે તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવા મહિલાઓમાં માંગ ઉઠી છે. બીજી તરફ પુરૂષો માટે બનાવેલા શૌચાલયમાં સાફ સફાઈના અભાવે અંદરની બાજુમાં માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ મારતી હોવાથી તે પણ નકામુ બની રહ્યું છે. આ શૌચાલયનો ઉપયોગ દારૂડીયાઓ દ્વારા દારૂનો અડ્ડો બનાવી દેવાયો હોય તેમ દારૂ ખરીદી શૌચાલયમાં જઈ દારૂપીને છાકટા બની મુખ્ય બજારમાં રખડતા જોવા મળે છે. દારૂ પીધેલી દેશી દારૂની પોટલીઓ અને વિદેશીની દારૂની ખાલી બોટલનો ખડકલો જોવા મળી રહ્યો છે. આખરે મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા નગરજનો, મહિલાઓ અને તાલુકાના ગામડાઓમાંથી આવતા પ્રજાજનોને પડતી મુશ્કેલીઓનું સમાધાન જલદી લાવે તેવું પ્રજાજનો ઈચ્છી રહી છે.

# ડીસા શહેરી વિસ્તારમાં મહિલાને સ્વાઈન ફ્લુ : સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ

ડીસા, તા. ૨૯

રાજ્યમાં વધતા જતાં રોગચાળા વચ્ચે ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુનો ભયજનક દેખાડો આરોગ્યતંત્રની ચિંતામાં વધારો કરી રહ્યો છે. ત્યારે ડીસાના શહેરી વિસ્તારમાં એક મહિલાને સ્વાઈન ફ્લુના લક્ષણો દેખાતા પ્રથમ તેને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં તેનો મેડીકલ રિપોર્ટ સ્વાઈનફ્લુ પોઝીટીવ આવતાં આરોગ્ય વિભાગની દેખરેખ તળે આ મહિલાને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયેલ છે.

આ અંગેની મળતી વિગત જોઈએ તો ડીસાના શહેરી વિસ્તારમાં રહેતી એક મહિલા દર્દીને શંકાસ્પદ સ્વાઈન ફ્લુનાં લક્ષણો દેખાતા તેને પ્રથમ પાલનપુર ખાતેની સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી અને જે બાદની મેડીકલ તપાસમાં આ મહિલા દર્દીને સ્વાઈન ફ્લુ પોઝેટીવ આવતા તંત્ર હરકતમાં આવ્યું હતું. અને તે બાદ આ મહિલા દર્દીને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખાતે ખસેડાયેલ છે. સરકારની ગાઈડલાઈન મુજબ આ સ્વાઈન ફ્લુ ગ્રસ્ત મહિલાની ઓળખ જાહેર કરાઈ નથી.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્યે જણાવેલ કે અમારા મેડીકલ સ્ટાફના ઈન્વેસ્ટીગેશનમાં આ મહિલા દર્દીને સ્વાઈન ફ્લુ રીપોર્ટ પોઝેટીવ આવતા તકેદારી અર્થે તેમને અમદાવાદ વધુ સારવાર અર્થે ખસેડાયા છે. જ્યારે આ મહિલા દર્દીના સંપર્કમાં આવેલા તેમના પરિવારજનો કે સગાને તાવ-શરદી જ્યાં લક્ષણો જણાય તો યોગ્ય સારવાર માટે તમામને દેખરેખ તળે રખાયેલ છે અને યોગ્ય રીતે જરૂર પડે તો તેમને પણ સારવાર અપાશે તેવું તેમણે જણાવ્યું હતું.

આમ ડીસા શહેરી વિસ્તારમાં જીવલેણ સ્વાઈન ફ્લુએ દેખાડો દેતા પંથકમાં ભય ફેલાયે છે.